# કેટલીક પ્રાચીન કાવ્યકૃતિઓ

સંપાદક : પૂજ્ય પંન્યાસ શ્રી રમણીકવિજયજી ગણિ

આપણા હસ્તલિખિત ગ્રંથભંડારોમાં છૂટક એક એક પાના ઉપર લખાયેલી પ્રાચીન કવિઓની અગણિત કાવ્યકૃતિઓ મળી આવે છે. આમાંની સંખ્યાબંધ કૃતિઓ છપાઈ ગઈ હોવા છતાં હજી પણ પુષ્કળ કૃતિઓ છપાવી બાકી છે. આવાં પાનાંઓ તપાસતાં તપાસતાં જ્યારે પણ મારા જોવામાં આવી પદ્ય રચનાઓ આવે છે, ત્યારે એની યથાશક્ય નકલ કરી લેવામાં આવે છે. આવી છ કવિતાઓ અહીં આપવામાં આવે છે; એમાંની પહેલી ચાર કર્તાઓનાં નામો સાથેની છે, છેલ્લી બે અજ્ઞાતકર્તૃક છે.

## શ્રી કલ્યાણકમલકૃત નેમનાથફાગ

પણમિય સારદ સામિણી ગાઉં નેમિજિણંદો રે ।
જસ સમરણ સુખ સંપજઈ લહિયઈ પરમાણંદો રે. રા૦ ॥ ૧ ॥

રાજમતી રાણી ભણઈ આયઉ માસ વસંતો રે ।
સરસ રંગ કરિ લેખે લીયઈ લીજઈ લાહો કંતો રે. રા૦ ॥ ૨ ॥

એક દિવસ રમિવા ભણી ગોપીસું યદુનાથો રે ।
વનખંડ ચાલ્યા ચાહસ્યું નેમકુમરજી સાથો રે. રા૦ ॥ ૩ ॥

કાન્હ વજાવઈ વાંસુલી ગોપી નાચઈ રંગો રે ।
લાલ ગુલાલઈ છાંટણા કીજઈ નવ નવ રંગો રે. રા૦ ॥ ૪

સતભામા રુકિમણિ મિલી દેવરસું કરઇ હાસો રે ।
એક નારિ નિરવીહણઇ ઇવડઉ કિસું વિમાસો રે. રા૦ ॥ ૫ ॥

ઋષભદેવ આગઈ હૂયા ભોગવી લીલ વિલાસો રે ।
લે સંજમ સિવપુર ગયા પડિયા નહુ ગભવાસો રે. રા૦ ॥ ૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એહ વચન કામિણુ કહ્યા સુણિ સુરકઈ જિનરાયા રે ।
હઠ વીવાહ મનાવીયા સબ જનનઇ મન ભાયા રે. રા૦ ॥ ૭ ॥
છપન કોડિ યાદવ મિલી જાન તણુઇ પરિવારો રે ।
લૂણ ઉતારઇ બહિનડી વરત્યા જયજયકારો રે. રા૦ ॥ ૮ ॥
રથિ બઇસીનઇ ચાલીયા પહુતા તોરણ બારો રે ।
પસુ વાડઉ છોડવીયઉ કરુણારસ ભંડારો રે. રા૦ ॥ ૯ ॥
મન વયરાગઇ પૂરિયઉ પહચઈ ગઢ ગિરનારો રે ।
એહ વાત શ્રવણે સુણી ધરણિ ઢલી તિણ વારો રે. રા૦ ॥૧૦॥
ચંદન નઇ મલીયાગરી ઘસિ ઘસિ અંગઈ લાવઇ રે ।
સીતલ જલ સીચઈ સખી રાજૂલ ચયન ન પાવૈ રે. રા૦ ॥૧૧॥
હાર દોર સબ તોડતી મોડઇ અંગ અપારો રે ।
થોડઇ જલ જિમ માછલી તિમ હુઈ નિરાધારો રે. રા૦ ॥૧૨॥
રાચીનઇ હું વિરચીયઇ ગરૂયા તણુઉ સનેહો રે ।
પ્રિય વિજોગ વિરહાકુલી રાજૂલ દાઝે દેહો રે. રા૦ ॥૧૩॥
નારાયણા બલભદ્ર દોઊં આડા પિરિય મનાવઈ રે ।
કનિ ઝાલ્યઉ ગયવરૂ સગતિ કિમ વસિ આવઇ રે. રા૦ ॥૧૪॥
હરિકુ હિયઇ ઉલાહણા કયા માંગણિ વચિ આયા રે ।
દાઢી પીલણુની કિહાં લાજવહીકા (?) માયા રે. રા૦ ॥૧૫॥
અનુક્રમ વઇરાગઇ કરી લીધઉ સંજમ ભારો રે ।
નેમિ સહિત સિવપુરા ગયા 'કલ્યાણકમલ' સુખકાર રે. રા૦ ॥૧૬॥

## ઈતિ શ્રી નેમિનાથ ફાગ સમાપ્ત

## શ્રી વાચક ગુણલાભરચિતા વયરાગ ચઉપઈ

મણુતણુ વયણુ કરી એકંતિ, પણમિસુ સુહગુરુ નિશ્ચલ ચિત્તિ ।
પભણિસુ સમકિત તણુઉ વિચાર, જિણિ તરીઇ દુસ્તર સંસાર ॥ ૧ ॥
અરિહંત દેવ સુગુરુની સેવ, જીવદયાનઉ મર્મ લહેવિ ।
ચિંતામણિપાહઇં અતિ સાર, આદરીવઉ સમકિત સાર ॥ ૨ ॥
દોષ અઢાર રહિત અરિહંત, આઠ કરમનઉ આંણુઇ અંત ।
આઠઇ મદ મૂકાવઇ માન, તે જિનવરનઉ કરિવઉ ધ્યાન ॥ ૩ ॥
ગુણ છત્રીસ સહિત ગુરુ જિસા, પૂનિમ શશિ જિમ સોહઇ તિસા ।
ટાલઇ દોષ જિ બઇતાલીસ, લ્યઇ આહાર નમઉ નિસિદીસ ॥ ૪ ॥
સમિતિ ગુપતિ વ્રત ધરઇ વિશાલ, છંડઇ લોહ કોહ માય જાલ ।
સીલસંનાહ લી નિજ અંગિ, સુગુરુનિ વંદઉ નિજ મન રંગિ ॥ ૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જલ બૂડંતા પ્રવહણુ જેમ, સુગુરુ તિ તારઇ બેડિ જેમ ।
ઇમ જાણીનઇ સુહગુરુ પાય, સેવઉ જિમ હુઈ નિમ્મલ કાય ॥૬॥

વરિસ સયાંની ડોકરિ પૂઠિ, બાજઇ જિસી સુયુવા નર મૂઠિ ।
તિણિ ષિણિ ડોકરિનઇં દુઃખ કિસઉ, મરઇ નહિ પણિ મરવા જસઉ ॥૭॥

તેહ થકી આઠ ગુણું દુખ થાઈ, લૂગડ લાનઈ લાગઈ વાઈ (?) ।
હરિયકાયનઇં વેદન તિસી, જાણે ભવિયણુ પાલઉ ઈસી ॥૮॥

સૂષિમ બાદર પર્યાપતા, સન્નિ અસન્નિ અપર્યાપતા ।
ઇણિ પરિ બહુવિધ ઉતપતિ;જાણ,;જીવદયા વિણુ સહૂ અપ્રમાણ ॥૯॥

નિસવારથ નવિ કરિઉ પાપ, ભોગવિઉ નિશ્ચય સવિ આપ ।
નિજ પ્રાણી જિમ રક્ષા કરઇ, જીવયોનિનઇં જિમ તિમ તરઇ ॥૧૦॥

દિન છાંડી નિસિ જીમઇ ધાંન, સીંગ પૂંછ વિણુ પશુઅ સમાન ।
ભૂત પ્રેત રાક્ષસ વિકરાલ, જિણિ વેલાં મુખિ મૂંકઇં ઝાલ ॥૧૧॥

તિણિ વેલાં જે ભોજન કરઇ, પાપપિંડ મૂઢપણઇ ભરઇ ।
ઇમ જાંણી નિસિભોજનદોષ, આદરિવઉ નિજ મનિ સંતોષ ॥૧૨॥

નિસિભોજનનિશ્ચય લ્યઉ મન્નિ, બિહું રાતિહિં ઉપવાસહ પુન્નિ ।
પરિહરિવઉ પરનારી સંગ, સીલરયણુ જિમ રહઈ અભંગ ॥૧૩॥

કરિ કંકણુ કુંડલ ઉરિ હાર, અભિંતર મલ મૂત્ર ભંડાર ।
વરિ વારૂ વાધિણિ વિકરાલ, એક વાર જે આંણઇ કાલ ॥૧૪॥

નહિ ભલઉ પરનારી સંગ, વાર અનંત દહાવઇ અંગ ।
જઇ જલધરજલ લાભઇ પાર, જીવિતચરિત તિહાં નવિ પાર ॥૧૫॥

ઇમ જાણી પરરમણીપ્રેમ, છંડઉ સવિ સુખ પાંમઉ જેમ ।
મધુ મંખણુ સૂરણુ મોગરી, દહી છાસિ જે વિદલાં ભરી ॥૧૬॥

ત્રિહું દિવસનઉ જે આહાર, કરિવઉ પંચુબર પરિહારી ।
રહ્યું અથાંણઇ સીલાણું જેઉ, પ્રાણુંતઇં નવિ ભખિવું તેઉ ॥૧૭॥

અણુગલ છાસિતણુઉ પરિહાર, જઇ બહુબીજ સચિત ફલ વાર ।
દેષી સવિ સંસાર અસાર, જિમ જલબિંદુ તણઇ આકાર ॥૧૮॥

મોહિ પડયઉ અહનિસિ દુખ સહઇ, તેહની વેદન કહઉ કુણુ લહઇ ।
જિમ તરવરિ સંધ્યાનઇ સમઇ, વિવિધ પંખિઆ આવી વીસમઇં ॥૧૯॥

પ્રહ ઉગ્ગમિ દહ દિસિ ઊડંતિ, સગપણુ પણુ ઇણિ પરિ જાણુંતિ ।
કુણુ બેટઉ બેટી નઇ વહૂ, કુણુ માયા તાયા નઇ સહૂ ॥૨૦॥

સગઉ સણી જઉ કો :નવિ હોઇ, યોગ ધ્યાન: વિમાસી જોઇ ।
જીવ કરઇ નઇ જીવ જિ સહઇ, વિશ્વાનર ઢંઢારહ દહઇ ॥૨૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે .... ઉ આયઉ તે .... ઉ જાઇ, કુણુ ભાઈ કુણુ મા કુણુ તાઈ ।
છાયામિસિ સાવીં (થીં) સહૂ ફિરઇ, ઘડી પહુર આઉ ઉંછું કરઇ ॥૨૨॥
ઇણિ પરિ જીવ સવે વિહડંતિ, કરિ દીવઉ ધરિ કૂપિ પડંતિ ।
આવ્યઇ રોગિ સવિ કરઇ સોગ, નિરધન પણઇ ન પહુંચઇ ભોગ ॥૨૩॥
પાડઇ ધાહ પડયઉ પાધરઇ, તેહની કોઇ ન વેદન હરઇ ।
કૂડ કપટ કરિવઉ પરિહાર, પરભવિ જાતા હોઇ આધાર ॥૨૪॥
દાન શીલ તપ ભાવન ધરઉ, જિમ સિવરમણી વેગઇં વરઉ ।
એ વયરામ તણી ચઉપઇ, સાંભલિજ્યો સૂધઇ મનિ થઈ ॥૨૫॥
જિમ હોઇ સદ્દગતિનઉ લાભ, ઇમ બોલઇ વાચક 'ગુણલાભ' ॥૨૬॥

**॥ ઇતિ ચઉપઇ સમાપ્ત ॥**

## શ્રી વિજયભદ્રકૃતા ઉપશમરસ ચઉપઈ

ભયભંજણુ રંજણુ જગદેવ, અરહંત સેવ કરું નિતમેવ ।
નહિ ઉપશમ પોતઇ જેહનઇ, દુખ કેડઉ ન મૂંકઇ તેહનઇ ॥૧॥
ઉપસમ પહિરિ સનાહ સરીર, દુખજન વચન ન લાગઇ તીર ।
જઉ નહિ એક ષિમા મનમાંહિ, ધરમ નહિ ગાડરિયપ્રવાહિ ॥૨॥
તપ જપ સંજમ પાલઇ સાર, ઉપસમ વિણુ સહૂઇ હુઇ છાર ।
ભવ કોડિહિં જિતલું કર્મ ષપઇ, ઇતિ કર્મ ઉપસમ ઘડી માહિ ષપઇ ॥૩॥
જે આંપણુનઇ ગાલિ જિ દીઅઇ, તેહસિંઉ પ્રાણિ જઈ બોલીઇ ।
....કર સાકર સમ કરિ જાંણિ, વિરઇ બોલિનું રોષ મ આંણિ ॥૪॥
પૂરવઇ પુણ્ય ન કીધાં બહૂ, ન્યાઇં લોક બોલઇ મુઝ સહૂ ।
મારઈં બાંધઇ મેલ્હઇ ઘાય, સહૂઇ થાપઇ આપણુ અન્યાય ॥૫॥
કોઇ કિવારઇં કહઇ કુબોલ, વીસારી મૂંકીઇ નિટોલ ।
તે બોલ તઉ ન સંભારઇ એક, ઉપસમ સંજમ ધરઉ વિવેક ॥૬॥
આગલિઉ દીસઇ બલતઉ આગિ, તું પાણી થઈ તઇ પગિ લાગિ ।
મનની ગાંઠિ છોડી ષામીઇ, મુગતિ તણાં સુખ તઉ પામીઇ ॥૭॥
મુહડઇ મિચ્છાદુક્કડ દીઇ, મરઉ ફીટિં ચીંતઇ ઇમ હીઇ ।
મરમ ન મોસઉ બોલઇ મૂલિ, ષમિઉં ષમાવિઉં કીઉં તસ ધૂલિ ॥૮॥
પૃથવી પરિ પરિસહ ષમઇ, રાતિ દિવસ જિનવચને રમઇ ।
સગલા ધર્મમાહિ ઉપસમ સાર, તે ભવિયણુ ધરજ્યો વાર વાર ॥૯॥
રોસ રાષઇ જેતલઉ મનમાહિ, તિતલઉ ધર્મ તેહનઉ જાઇ ।
અણુષાંમ્યઉ જઉ આઘઉ રહઇ, કર્મજોગિ તે અતિ દુખ સહઇ ॥૧૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુગતિ તણઉ જઉ છઇ અભિલાષ, પારકા બોલ સહઉ તમ્હિ લાષ ।
કુગતિ તણઉ જઉ છઇ ઊભગઉ, અંતરંગ ઉપસમ કરિ સગઉ ॥૧૧॥
એક ષીમા જઉ એ જીવ ધરઇ, તઉ વહિલઉ મુગતઈ અવતરઇ ।
'વિજયભદ્ર' કવિયણ ઉચ્ચરઈ, ગર્ભવાસિ તે નવિ સંચરઇ ॥૧૨॥

## ॥ ઇતિ ઉપશમરસ ચઉપઈ ॥

## શ્રી જિનપ્રભસૂરિકૃતા પદ્માવતીચતુષ્પદિકા

જિણસાસણ અવધાર કરેવિ, ઝાયહ સિરિ પઉમાવઈદેવિ ।
ભવિય લોય આણંદ ધરેવિ, દુલહઉ સાવઇજમ્મ લહેવિ ॥
મતિ મતિ મિચ્છસુર અણુસરહ ॥૧॥ ધ્રુવકં ॥

પાસનાહપયપંકયભસલિ, સંઘવિગ્ઘનિન્નાસણકુસલિ ।
સસિકરનિમ્મલગુણગણપુન્ન, પઉમએવિ મહ હોહિ પસન્ન ॥ મતિ૦ ॥૨॥

તાર તરલ તુહ લોયણ દુન્નિ, દુદ્દંદલણ ભુય દુગુણા દુન્નિ ।
વિયસિયસરસીરુહપવિહત્થિ, વારણ વર દીસઈ તુહ હત્થિ ॥ મતિ૦ ॥૩॥

ફુલ્લફારફણમણિકરજાલ, દસ દિસિ પસરઇ મુજઝ કરાલ ।
જણુ દીવયપઇઓહિયસિહહિ, વિગ્ઘતિમિર જિમ જગિ અવહરહિ ॥ મતિ૦ ॥૪॥

કુંડલમંડલમંડિયગંડ, અરિષંડણ ભુયદંડ પયંડ ।
ઘણથણઘોલિર નિમ્મલ હાર, પઉમાવઇ નંદઉ જગિ સાર ॥ મતિ૦ ॥૫॥

નેઉરઝણિ બહરિય દિસિચક્ક, ખગ્ગદંડખંડિયરિઉચક્ક ।
મણિકંકણચંચિઇયપઉટ્ઠ, પઉમિ! હોહિ ભવિયહં સંતુટ્ઠ ॥ મતિ૦ ॥૬॥

મેહલમુહલિયસોણિપએસિ, અલિકુલકોમલદીહરકેસિ ।
જય ધરણિંદહ ઉત્તમ રમણિ, પઉમએવી તઉં મયગલગમણિ ॥ મતિ૦ ॥૭॥

પાસંકુસવરપહરણપાણિ, તંઅચૂડ-વિસહરવરજાણિ ।
પઉમપત્તસમવન્નસરીરિ, પઉમએવિ! મા મઇ અવહીરિ ॥ મતિ૦ ॥૮॥

ભત્તિનમંતસુરાસુરરમણિ, મણિકિરીડકરરંજિયચલણિ ।
કિં ભણિયઇં નર મત્તબ રાય, આરાહઈં સુરવર તુહ પાય ॥ મતિ૦ ॥૯॥

તાલપભવસજ્જક્ખરલલિય, બીઓ સસહર નહયલકલિય ।
તુહ બીયક્ખર જો સમરેઈ, મણિચિંતિય ફલ સો પાવેઇ ॥ મતિ૦ ॥૧૦॥

ભણઇં જિ જોગી ય મજ્ઝિમ નીય, ધરવિ તદક્ખરસિરિ ગુરુ રીય ।
જોડવિ ઈસર સસહર અદ્ધ, તુહ કલ જાણઇ કોઇ વિયડ્ઢ ॥ મતિ૦ ॥૧૧॥

ભૂય અંતુ તસુ પચ્છિમ સહિય, ચિંતિવિ અંતિમ સર પરિગહિય ।
અટ્ઠમ પઢમ બિંદુ ધારેવિ, ધન્ન જ ઝાયહિં પઉમિણિદેવી ॥ મતિ૦ ॥૧૨॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુન્ન જલણુતુરિયસ્સરજુત્ત, અમિયકિરણકલ ગયણુ પવિત્ત ।
ગુરુ ઉવએસિઇ જવઇ જુ લક્ખ, પઉમએવિ તસુ પૂરઇ પકખ ॥ મતિ૦ ॥૧૩॥

હિસિકાલાસણુ પલ્લવ વન્ન, મુદ્દા જાણુવિ જે કયપુન્ન ।
એહ વિજ્જ ચૂડામણિ સરઇં, કમ્મ છક્ક તે લીલઇ કરઇં ॥ મતિ૦ ॥૧૪॥

સંતિ પુટ્ઠિ વિદ્દેસણુ રોહ, મારણુ વસ ઉચ્ચાડણુ મોહ ।
એહ વિજ્જ તિયલુક્કપયાસ, કવણુ કવણુ નહુ પૂરઇ આસ ? ॥ મતિ૦ ॥૧૫॥

પઢમ પણુવ માયા મજ્ઝારિ, નમણુ અંતિ એ વન્ન ચિયારિ ।
જો સમરઇ અણુદિણુ વરભાવિ, સવ્વ સિદ્ધિ તસુ પરિણઇ આવિ ॥ મતિ૦ ॥૧૬॥

ભૂય-પેય-ડાઇણિગણુ ડરઇં, સયલહ દુજ્જણુ મણુ થરહરઇં ।
એહ વિજ્જ સમરંતહ લોઇ, સમઉ દાસ પુહવીસર હોઇ ॥ મતિ૦ ॥૧૭॥

વિજ્જ એસ તિયલુક્કપહાણુ, ચિંતામણિ કપ્પદ્દુસમાણુ ।
પહુજિણદત્તસૂરિઉવએસિ, થંભહિ પરબલ અદ્ધનિમેસિ ॥ મતિ૦ ॥૧૮॥

હંસગમણિ નીલુપ્પલનયણિ, કુંદદસણિ પુન્નિમસસિવયણિ ।
મહુરવયણિ મુણિમાણુસહરણિ, નવકિસલયકોમલકર–ચરણિ ॥ મતિ૦ ॥૧૯॥

પીણુસિહિણુભારોણુયઅંગિ, હાવ–ભાવ–સિંગારસુચંગિ ।
એગગ્ગઇ જે નર સમરંતિ, તાહંતિયસકામિણિ વસિ જંતિ ॥ મતિ૦ ॥૨૦॥

દેઉ પાસ પઉમિણિ ધરણિંદુ, બારસસરજુય હરકલબિંદુ ।
પઉમી ! પઉમકડણિ ! નમ અંતુ, સવ્ય કામ પૂરઇ તુહ મંતુ ॥ મતિ૦ ॥૨૧॥

જંભથંભમોહંધભયંતિ, જય અપરાજિય વિજય જયંતિ ।
ચંડી ભઇરવ તોતલ તાર, તુહ એક્કુ ચ્ચિય વિવહ વયાર ॥ મતિ૦ ॥૨૨॥

ખિત્તપાલ જોગિણિ ચઉસટ્ઠિ, ભૂય પેય ડાઇણિ ગહદિટ્ઠિ ।
ઇયર વિ દુદ્ધર વીજ્જ જુ કેવિ, નામગહણિ તુહ નાસઇં દેવિ ! ॥ મતિ૦ ॥૨૩॥

જે ધન્નંતરિવિજ્જઅસજ્ઝ, તે વિ વાહિ તુહ હુંતિ સુસજ્ઝ ।
નીર જલણુ થંભઇ તુહ આણુ, સમરંગણિ વારઇ અરિબાણુ ॥ મતિ૦ ॥૨૪॥

તઇં રુટ્ઠિય જં વિજ્જઇ ભુવણિ, ભયવઇ ! સુ મઉ તં નિય સવણિ ।
કંપઇ ધરણિ સધણુવણુરાઇ, ચડફડંતિ દસદિગ્ગય માઇ ! ॥ મતિ૦ ॥૨૫॥

કુલપવ્વય સત્ત વિ ટલટલઇં, અનુ સત્ત વિ જલનિહિ ઉચ્છલઇં ।
કિડકિડંતિ ઉક્કડકરી દાઢ, ભજ્જઇં ફણિવઇફણુ અઇગાઢ ॥ મતિ૦ ॥૨૬॥

દઢ ગઢ ગિરિવર ખડહડિ પડઇં, સુર-નરજીવિય સંસઇ વડઇં ।
હલ્લોહલીઇં જલનિહિપૂર, ઘુમ્મઇં તારાયણુ સસિ સૂર ॥ મતિ૦ ॥૨૭॥

તઇં તુટ્ઠિય જં વિજ્જઇ ભુવણિ, પઉમિણિ ! સુંમઉ તં નિય સવણિ ।
લક્ખ ભુજ્જ અટ્ઠારસભેય, ભુજિજ્જઇં પિજ્જઇં વર પેય ॥ મતિ૦ ॥૨૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહિરિજ્જઈં કપ્પડ જગસાર, કંચણુ કુંડલ મુત્તિય હાર ।
સંમાણિજ્જઇ વર તંબોલ, સુંમઈં બંદિયણહલહોલ ॥ મતિ૦ ॥૨૯॥
ચંદણમાહિ ઘુસિણ ઘણસાર, કિજ્જઈં સુરહિ વિલેવણ સાર ।
ઘરિબજ્ઝઈં વરતુરિયહ થટ્ટ, દીસઈં મયભિંમલ દોઘટ્ટ ॥ મતિ૦ ॥૩૦॥
રહવર કિં ? જંગમ સુરજાણ, ઓલગ્ગઈં પાયક્ક પહાણ ।
અન્ન સલીસઈં ચામર છત્ત, માણિજ્જઈં માણિણિ અણુરત્ત ॥ મતિ૦ ॥૩૧॥
સસહરકલ બારસસરજુત્ત, થાવર જંગમ વિસહરતત્ત ।
હંસ-હાર-કર-સસહરકંતિ, નામગહણિ તુહ સફલી હુંતિ ॥ મતિ૦ ॥૩૨॥
વંઝ નારિ તુહ વય ઝાયંતિ, સુરકુમરોવમ પુત્ત લહંતિ ।
નિંદૂ નંદણ જણહિં ચિરાઉ, દૂહવ પાવઈં વલ્લહ રાઉ ॥ મતિ૦ ॥૩૩॥
ચિંતિયફલ ચિંતામણિમંત, તુજ્ઝ પસાયહિ ફલઇ નિભંત ।
તુજ્ઝ અણુગ્ગહ નર પિક્ખેવિ, સિજ્ઝઇ સોલસ વિજ્જાદેવિ ॥ મતિ૦ ॥૩૪॥
રૂવકંતિસોહગ્ગનિહાણ, નિવપૂઇયપય અમલિયમાણ ।
કિવિ વાઈસર હુંતિ તિ પુન્ન, જાહ પઉમિ તુહ હોહિ પસન્ન ॥ મતિ૦ ॥૩૫॥
તુહ ગુણ અંત ન કેળવિ મુણિય, તહ વિ તુજ્ઝ મઇ ગુણલવ થુણિય ।
આણ જુ પાલઇ જિણસિંહસૂરિ, તસુ સંઘહ મનવંછિય પૂરિ ॥ મતિ૦॥૩૬॥
પનુમાવઇચનુપઇ ય પઢંત, હોઇ પુરિસ તિહુયણસિરિકંત ।
ઇમ પભણઇ નિયજસકપ્પૂરિ, સુરહિયભુવણ જિણપ્પહસૂરિ ॥ મતિ૦ ॥૩૭॥

## ॥ ઇતિ પદ્માવતી ચતુઃપદિકા સમાપ્ત ॥

## અજ્ઞાતકવિકૃત આદિજિનવીનતિસ્તવ

॥ રાગ ધનાસી ॥

આદિ જિણેસર વીનવું જો મુઝ સામ્હું સામિ ।
કામિ કોધિ મન દૂષીઉં હિવ લીણું રઇ તુઝ કેરઇ નામિ ॥૧॥
કિ દિઉંગી રે વધાવઉ ।
વધાવઇ રે તુમ્હ ચઉવિહ સંઘ કિ દિઉંગી રે ।
મોરઇ મનિ રે એ લાગઉ રંગ કિ દિઉંગી રે ॥ ધ્રૂપદં ॥
દિઉ અ સોનાકેરી જીમડી દિઉં અ સુઅમૃત આહાર ।
મિલિસું રે આદિજિણ વાહલા હિવિ કરિસું મ્હારા મન કેરી વાત ॥ કિ દિ૦ ॥૨॥
જેતું આવ્યઉ સેરડી સોઇ બુહરાવું વાટ ।
મોતીડે ચઉક પૂરાવસ્યું મંડાવિસું રે ઘાઘરીયઉ પાટ ॥ કિ દિ૦ ॥૩॥
ધન ધન એ મુઝ જીભડી કરું અજિ તુમ્હ ગુણગાન ।
નયણ સલૂણાં મુઝ તણાં જિણિ નિરષું રે તુમ્હ રૂપનિધાન ॥ કિ દિ૦ ॥૪॥

ધન મરુદેવી કૂષડી જિણિ તુ જનમ્યઉ નાથ ।
ભવસાયર મઝ બૂડતાં હિવ દેજ્યો જી અવલંબન હાથ ॥ કિ દિ૦ ॥૫॥
મરુદેવી બેટઉ તાહરઉ સુનંદ-સુમંગલાકંત ।
સેત્રુજ કેરઉ રાજીયઉ હિવ જયઉ રે જયઉ શ્રી આદિજિણંદ ॥ કિ દિ૦ ॥૬॥
જિનવર તુમ્હ પાએ નમી માગું એક કૃપાલ ।
જા લગિ જગમાહિ હું રહું તાં કરજ્યો જી ભવિભવિ સંભાલ ॥ કિ દિ૦ ॥૭॥

## ॥ ઇતિ શ્રી આદિનાથવર્ધાપનં ॥

## અજ્ઞાત કવિકૃત હિતશિક્ષાચતુષ્પદી

સરસતિ સામિણિ કરું જુહાર, તસ સેવક દેજે આધાર ।
બોલિસુ ચઉપઈ માહિ વિવહાર, સાચા પદ સવિ હોજ્યો સાર ॥૧॥
ધરમી તે પાલઇ જિનધર્મ્મ, [ કરમી ] તે પાલઇ ક્રિયા કર્મ્મ ।
યોગી તે ધ્યાઇ નિઃકર્મ્મ, બ્રાહ્મણ તે જે પાલઇ બ્રહ્મ ॥૨॥
સૂરઉ તે જે ઇન્દ્રી દમઇ, ઉત્તમ તે જે સાચઉ ગમઇ ।
દુખીઉ તે જે દુર્ગતિ ભમઇ, સુખીઉ તે જે સિવપુરી રમઇ ॥૩॥
પોઢઉ તે જેહને પુણ્ય ઘણઉ, સગપણ તે જે સાહમીપણઉ ।
પ્રાક્રમ તે પરમેસરતણઉ, ધન્ન ભલું જે કન્હઇં આપણઉ ॥૪॥
ડાહા તે સવિ કહિસું પ્રીતિ, માણસ તે જેહનઇ ઘરિ રીતિ ।
સીયલપણું જે પાલ્યું સીતા, ગાયણ તે જે જિનમતિ ગીતા ॥૫॥
નારી તે પાલઇ પતિવ્રતા, બેટા તે માનઇં માઇ-પિતા ।
[ વિ ] લસઇં તે પરદિસિ જોઅંતા, ધ્યાની તે જેહનઇં ચિંતા ॥૬॥
પાપી તે જે પરધન હરઇ, ચેલા તે ગુરુ શિક્ષા કર (? વહ)ઇં ।
શ્રાવક તે જે સતકિત ધરઈ, સુહગુરુ તે જે તારઇ તરઇં ॥૭॥
રાજા તે જે ન્યાઇં તપઇ, ધ્યાની તે જે અરિહંત જપઇ ।
તપીઉ તે જે અષ્ટ કર્મ ખપઇ, વાદી તે જે કેહ નવિ છિપઇ ॥૮॥
રૂપ ભલું જે સોવનવાનિ, દાન ભલું તે અભયદાન ।
ધ્યાન ભલું તે શુકલધ્યાન, જ્ઞાન ભલું તે કેવલજ્ઞાન ॥૮॥
દર્શન તે જે મહાવ્રત ધરઇં, બ્રહ્મચાર જે સ્ત્રી પરિહરઇ ।
ગિરૂઆ તે ગુરુસેવા કરઇં, તારૂ તે ભવસાયર તરઇ ॥૧૦॥
વિણસઇ જે આણંઇ અનુ(ઉન)માદ, પાતિગ તે જે મિથ્યાવાદ ।
ડૂંગર ભલઉ જે સિરિ પ્રાસાદ, પ્રતિમા દીઠી હુવઇ આલ્હાદ ॥૧૧॥
અક્ષર તે જે સૂધા સમા, તપીઉ તે જેહનઇં સિરિ ષિમા ।
ગ્યાની તે ચોષક આતમા, નગર ભલું જે માહિ મહાતમા ॥૧૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસ્ત્રી તે જલ જયણા ગલઇ, લક્ષ્મી તે જે ન્યાઇં મિલઇ ।
માનવી તે બોલઇ નવિ ચલઇ, જીવ્યું તે જિનઆજ્ઞા પાલઇ ॥૧૩॥
દરિદ્રી તે જે ધર્મ વિણુ ભમઇ, સત્યવાદી તે જૂઠ વિરમઇ ।
ભોજન તે જે દીહઇ જમઇ, ગુવણુંત તે જિનવરનઇં નમઇ ॥૧૪॥
યાત્રા તે પાલઇ છઅ રી, ધર્મ ભલઉ તે જયણા કરી ।
ભિક્ષા તે મુનિવર લ્યઇ ફિરી, શ્રાવક તે જે સિદ્ધિં ધરી ॥૧૫॥
મઇલા તે પરનારી જોઇં, પુરુષ ભલા તે દુખિ નવિ રોઇં ।
મિથ્યાત્વી તે બે ભવ ખોઇં, ધર્મ કરઇં તે સુખિયા હોઇ ॥૧૬॥

॥ ઇતિ ચતુષ્પદી ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org